દરિયામાં ચીની નૌકાઓનું શક્તિપ્રદર્શન

# તાઈવાન પર હુમલાની તૈયારી?

**ડ્રેગનની** નવી ચાલથી દુનિયા સ્તબ્ધ હજારો માછીમારી બોટ્સે દરિયામાં રચી ખાસ વ્યુહરચના; નિષ્ણાતોનું અનુમાન- આ સામાન્ય માછીમારી નહીં પણ યુદ્ધનું રિહર્સલ છે



તાઈપેઈ, તા. 13: દુનિયા જ્યારે રશિયા-યુક્રેન અને મિડલ ઈસ્ટના યુદ્ધમાં વ્યસ્ત છે, ત્યારે ચીને તાઈવાનની સરહદ પાસે દરિયામાં એક અત્યંત શંકાસ્પદ અને વિશાળ સૈન્ય હિલચાલ શરૂ કરી છે. છેલ્લા ચાર મહિનામાં બે વખત ચીનની હજારો માછીમારી નૌકાઓએ તાઈવાન અને જાપાનના ટાપુઓ પાસે એકસાથે જમા થઈને ખાસ ભૌમિતિક આકારો બનાવીને કવાયત કરી છે. સંરક્ષણ નિષ્ણાંતો તેને 'મેરીટાઇમ મિલિશિયા' (દરિયાઈ અર્ધલશ્કરી દળ) તરીકે જોઈ રહ્યા છે, જે ભવિષ્યમાં તાઈવાન પર આક્રમણ કરવા માટે ચીનનું સૌથી મોટું હથિયાર બની શકે છે.

**શું છે આખી ઘટના?**

સેટેલાઇટ અને શિપ ટ્રેકિંગ ડેટા મુજબ, 25 ડિસેમ્બર 2025 અને 11 જાન્યુઆરી 2026ના રોજ તાઈવાનના ઉત્તર-પૂર્વમાં લગભગ 1300 થી 2000 જેટલી ચીની બોટ્સ એકઠી થઈ હતી. આ બોટ્સ દરિયામાં લાંબી સમાંતર લાઈનો બનાવીને 30 કલાક સુધી એક જ સ્થિતિમાં ઉભી રહી હતી. ચોંકાવનારી વાત એ છે કે, તે સમયે દરિયો એટલો તોફાની હતો કે દક્ષિણ કોરિયાની બોટ્સ પણ કિનારે પરત ફરી ગઈ હતી, પરંતુ ચીની નૌકાઓ ત્યાં જ ડટી રહી હતી.

દરિયાઈ મામલાના નિષ્ણાંત જેસન વાંગ અને ગ્રેગરી પોલિંગના જણાવ્યા મુજબ, માછીમારો ક્યારેય આટલી ચોકસાઈથી અને આટલી મોટી સંખ્યામાં હરોળ બનાવીને ઉભા રહેતા નથી. આ એક "ફ્લેશ મોબ" જેવી લશ્કરી કવાયત છે. ચીન પાસે સૈનિકો ઉતારવા માટે પૂરતા પ્રમાણમાં સત્તાવાર યુદ્ધ જહાજો નથી, તેથી તે પોતાની આ 'સિવિલિયન બોટ્સ' (માછીમારી નૌકાઓ)નો ઉપયોગ તાઈવાનને ઘેરવા અથવા ત્યાં સૈનિકો ઉતારવા માટે કરી શકે છે.

**શું છે ચીનનું 'મેરીટાઇમ મિલિશિયા'?**

આ ચીનનું 'ત્રીજું દરિયાઈ દળ' છે. આમાં એવી માછીમારી બોટ્સ હોય છે જેમને ચીની સેના દ્વારા તાલીમ અને આધુનિક સાધનો આપવામાં આવે છે. આ બોટ્સ સિવિલિયન હોવાથી તેમની સામે લશ્કરી કાર્યવાહી કરવી મુશ્કેલ બને છે, જેનો ફાયદો ઉઠાવીને ચીન તાઈવાનની નાકાબંધી કરી શકે છે અને તેના વેપારને ઠપ્પ કરી શકે છે.

# ટ્રમ્પનું તેડું આવતા ઈન્ટરવ્યુ છોડી ભાગ્યા નાણામંત્રી



2 કલાક બાદ ધ્રૂજતા અવાજે પરત ફર્યા

વોશિંગ્ટન, તા. 13: અમેરિકાના નાણામંત્રી (ટ્રેઝરી સેક્રેટરી) સ્કોટ બેસેન્ટ વ્હાઈટ હાઉસમાં એક લાઈવ ઈન્ટરવ્યુ આપી રહ્યા હતા ત્યારે જ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમને તાકીદે બોલાવ્યા હતા. સવારે 10:22 વાગ્યે સર્જાયેલી આ ઘટનામાં બેસેન્ટ પોતાનું માઈક કાઢીને ઈન્ટરવ્યુ અધવચ્ચે છોડીને ચાલ્યા ગયા હતા. પત્રકારે લગભગ બે કલાક સુધી રાહ જોવી પડી હતી, જે બાદ બેસેન્ટ ફરીથી ઈન્ટરવ્યુમાં જોડાયા હતા.

જ્યારે 63 વર્ષીય બેસેન્ટ ફરીથી કેમેરા સામે આવ્યા, ત્યારે તેઓ સ્પષ્ટપણે ધ્રૂજી રહ્યા હતા અને બોલવામાં પણ લથડાતા હતા. પત્રકારે જ્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પની સ્થિતિ અને તણાવ વિશે પૂછ્યું, ત્યારે બેસેન્ટે કહ્યું, "રાષ્ટ્રપતિ ખૂબ જ સારા મૂડમાં છે અને ઈરાન મિશન નિર્ધારિત સમય કરતા ઘણું આગળ ચાલી રહ્યું છે."

બેસેન્ટે ટ્રમ્પ અને પેન્ટાગોન ચીફ પીટ હેગસેથ પર ભરોસો વ્યક્ત કરતા કહ્યું કે, તેઓ પોતાના સંતાનનું જીવન પણ તેમના હાથમાં સોંપી શકે છે. જોકે, આખા જવાબ દરમિયાન બેસેન્ટનો અવાજ ધ્રૂજતો રહ્યો હતો અને તેમણે ઈરાનની સ્થિતિ અંગેના અન્ય પ્રશ્નોના સીધા જવાબ આપવાનું ટાળ્યું હતું.

પેજ 3



# સૂરજ બડજાત્યાની દીકરીના રિસેપ્શનમાં બોલિવૂડ સિતારાઓનો જમાવડો

મુંબઈ: જાણીતા ફિલ્મમેકર સૂરજ બડજાત્યાએ ગુરુવાર સાંજે મુંબઈમાં પોતાની દીકરી ઈશા અને જમાઈ અભિષેક માટે ભવ્ય વેડિંગ રિસેપ્શનનું આયોજન કર્યું હતું. જુહુની જે.ડબલ્યુ. મેરિયોટ હોટલમાં યોજાયેલા આ પ્રસંગમાં બોલિવૂડની દિગ્ગજ હસ્તીઓએ હાજરી આપી હતી. સૂરજ બડજાત્યા સાથે ખાસ સંબંધ ધરાવતા સલમાન ખાન અને આમીર ખાન આ ઈવેન્ટમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ સિવાય રાની મુખર્જી, તબ્બુ, સોનાલી બેન્દ્રે, નીના ગુપ્તા અને બોમન ઈરાની જેવા કલાકારો પણ નવદંપતીને આશીર્વાદ આપવા પહોંચ્યા હતા. રિસેપ્શનમાં રેખા, અનિલ કપૂર, અનુપમ ખેર, વિક્કી કૌશલ, સોનુ સૂદ અને જેકી શ્રોફ જેવા જાણીતા ચહેરાઓ પણ જોવા મળ્યા હતા. સૂરજ બડજાત્યાએ તમામ મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.






# LPGની અછત વચ્ચે પાઈપ ગેસ (PNG) ગ્રાહકો હાલ સુરક્ષિત

**ભારતમાં** હાલમાં 33.2 કરોડ LPG કનેક્શન છે, જેની સામે 1.36 કરોડ PNG કનેક્શન

નવી દિલ્હી, તા. 13: ઈરાન-અમેરિકા યુદ્ધના કારણે દેશમાં LPG સિલિન્ડરની ભારે તંગી સર્જાઈ છે, પરંતુ જેમના ઘરે પાઈપ દ્વારા કુદરતી ગેસ (PNG) આવે છે તેમને ગભરાવાની જરૂર નથી. કેન્દ્ર સરકારે ઘરેલુ ગેસ પુરવઠો જાળવી રાખવા માટે 'આવશ્યક ચીજવસ્તુ ધારો, 1955' લાગુ કરી દીધો છે. આ કાયદા હેઠળ હવે ઉદ્યોગોને ગેસ આપતા પહેલા સામાન્ય જનતાના રસોડા સુધી ગેસ પહોંચાડવો ફરજિયાત રહેશે.

PNG ગ્રાહકો માટે શા માટે ચિંતા નથી?

**100% સપ્લાયની ખાતરી:** નવા આદેશ મુજબ, નેશનલ ગ્રીડમાં જે પણ ગેસ ઉપલબ્ધ હશે, તે સૌથી પહેલા 'પ્રાયોરિટી સેક્ટર-1' એટલે કે ઘરોમાં વપરાતા PNG અને વાહનો માટેના CNG ને આપવામાં આવશે. છેલ્લા 6 મહિનાના સરેરાશ વપરાશ મુજબ 100% પુરવઠો જાળવી રાખવામાં આવશે.

**ઉદ્યોગો કરતા રસોડું પ્રથમ:** જો ગેસની અછત સર્જાય, તો કંપનીઓએ સૌથી પહેલા ફેક્ટરીઓ અને પાવર પ્લાન્ટ્સનો ગેસ કાપીને ઘરગથ્થુ પાઈપલાઈનમાં સપ્લાય આપવો પડશે.

કિંમતો પર અંકુશ: સરકારના 'પૂલ્ડ પ્રાઈસ' મિકેનિઝમ હેઠળ GAILને જવાબદારી સોંપાઈ છે કે રસોડામાં વપરાતો ગેસ પરવડે તેવા ભાવે મળે તેની ખાતરી કરવામાં આવે.

# દેશની તેલ કંપનીઓને રોજના 2000 કરોડનું આંધણ

**ડીઝલ** પર પ્રતિ લીટર રૂ. 45 અને પેટ્રોલ પર રૂ. 20નું નુકસાન; યુદ્ધના કારણે ક્રૂડ તેલ 15 દિવસમાં 30% મોંઘું થયું

નવી દિલ્હી, તા. 13: મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ (ક્રૂડ)ના ભાવમાં ભડકો થયો છે, જેની સીધી અસર ભારતની સરકારી તેલ કંપનીઓ પર પડી છે. એક ચોંકાવનારા અહેવાલ મુજબ, ઈન્ડિયન ઓઈલ, BPCL અને HPCL જેવી કંપનીઓને દરરોજ અંદાજે 2000 કરોડનું નુકસાન થઈ રહ્યું છે.

બ્રોકરેજ ફર્મ 'Systematix'ના રિપોર્ટ અનુસાર, હાલના ભાવે પેટ્રોલ-ડીઝલ વેચવાથી કંપનીઓને નીચે મુજબ નુકસાન થઈ રહ્યું છે:

**ડીઝલ:** પ્રતિ લીટર 45નું નુકસાન (કુલ નુકસાનમાં 1650 કરોડનો હિસ્સો એકલું ડીઝલ ધરાવે છે).

**પેટ્રોલ:** પ્રતિ લીટર 20નું નુકસાન (રોજનું 350 કરોડનું નુકસાન).

નુકસાનના મુખ્ય કારણો:

છેલ્લા 15 દિવસમાં જ કાચું તેલ 30% થી વધુ મોંઘું થયું છે. અગાઉ રશિયા પાસેથી સસ્તું તેલ મળતું હતું, પરંતુ હવે તે બ્રેન્ટ ક્રૂડના ભાવ કરતા પણ પ્રતિ બેરલ $2 થી $8 મોંઘું મળી રહ્યું છે. યુદ્ધના કારણે દરિયાઈ માર્ગે તેલ લાવવા માટેનું નૂર અને વીમા પ્રીમિયમમાં તોતિંગ વધારો થયો છે.


